


# બંને પક્ષોમાં ઉમેદવારોની જાહેરાત હજુ બે દિવસ બાદ

### સોમવાર પહેલાં મોટાપક્ષો પ્રથમ યાદી જાહેર ન કરે તેવી સંભાવના : ટિકિટ મેળવવા ઈચ્છુક લોકો ભારે ઉત્સુક છે

અમદાવાદ,તા. ૧૭

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે પ્રથમ તબક્કાનું જાહેરનામું જારી થઈ રહ્યું છે ત્યારે ભારે ઉત્સુકતા વચ્ચે ટિકિટ મેળવવા માટેના દાવેદારો રાહ જોઈ રહ્યા છે. આગામી વિધાનસભાની ચૂંટણી માટે પક્ષ તરફથી ટિકિટ મળશે કે કેમ તેને લઈને ટિકિટ મેળવવા ઈચ્છુક લોકો દિવાળી વેળા ખૂબ જ ઉત્સુક રહ્યા હતા અને સસ્પેન્સની સ્થિતિ પણ રહી હતી. હવે રાજકીય ગતિવિધી એકાએક વધી ગઈ છે. ટિકિટ ઈચ્છુકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે કોંગ્રેસ અને ભાજપ દ્વારા હવે સોમવાર બાદ ઉમેદવારોની યાદી જાહેર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે જેથી હજુ પણ એક-બે દિવસ રાહ જોયા વિના અન્ય વિકલ્પ નથી. ભાજપ અને કોંગ્રેસ બંને દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરવામાં વિલંબ થઈ રહ્યો છે. કારણ કે ટિકિટ નહીં મેળવનાર લોકો બળવો કરવાની સ્થિતિમાં પણ દેખાઈ રહ્યા છે તે જોતા બંને પક્ષો સાવધાનીપૂર્વક આગળ વધવા માગે છે. ટોચના રાજકીય નેતાઓના આવાસ ઉપર દાવેદારો દેખાઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ ઉમેદવારો એક વખતે જાહેર થઈ ગયા બાદ જ જોરદાર પ્રચારની શરૂઆત થશે. ઉમેદવારો પણ હજુ સસ્પેન્સમાં છે. ભાજપના કાર્યકર રાજેશ ઉપાધ્યાયનું કહેવું છે કે મક્કમ જીતના ઈરાદા સાથે મેદાનમાં ઉતરવામાં આવશે. સુરતમાં ૧૨ વિધાનસભા બેઠક માટે ભાજપ તરફથી આશરે ૪૦૦ જેટલા લોકો દાવો કરી ચૂક્યા છે તે જોતા ભાજપ માટે ટિકિટની ફાળવણીની બાબત સરળ રહેશે નહીં. કોંગ્રેસ માટે આવી સ્થિતિ બનેલી છે. બંને પક્ષોને અસંતોષનું મોજું ફેલાઈ જવાની દહેશત સતાવી રહી છે. આ જ કારણસર ઉમેદવારોના નામ વહેલી તકે જાહેર કરવામાં આવી રહ્યા નથી. સુરતમાં ભાજપ-કોંગ્રેસના સભ્યો વધારે ઉત્સુક દેખાઈ રહ્યા છે. આગામી દિવસો ઉમેદવારો માટે મહત્વપૂર્ણ રહેશે. હવે ચૂંટણી પ્રચારના પણ જોરદાર રીતે શ્રીગણેશ થનાર છે. કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સ્પર્ધા દેખાઈ રહી છે.

## સીમાંકન ચૂંટણી પરિણામો ઉપર સીધી જ અસર કરશે

### જાતિવાદી અને રાજકીય સમીકરણ પણ બદલાઈ શકે છે
### ભાજપ અને કોંગ્રેસ બંને માટે સીમાંકન પડકારરૂપ સમાન

અમદાવાદ,તા. ૧૭

ગુજરાતમાં વિધાનસભાની કુલ ૧૮૨ બેઠકો પૈકી ૯૦ બેઠકોની સરહદ ફરીથી નક્કી કરવામાં આવી છે જેથી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં પરિણામો ઉપર તેની સીધી અસર થશે. કોંગ્રેસ અને ભાજપના ઘણા પરિણામ આના કારણે અસરગ્રસ્ત થઈ શકે છે. સીમાંકન ચૂંટણીમાં ચાવીરૂપ સાબિત થશે. સીમાંકનના કારણે જાતિવાદી અને રાજકીય સમીકરણમાં ફેરફાર થઈ ગયા છે. સીમાંકન પંચ તરફથી રાષ્ટ્રપતિને પોતાનો અહેવાલ સોંપી દીધા બાદ પ્રથમ વખત ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. સીમાંકનના કારણે બેઠકોની સરહદમાં ફેરફાર થવાના કારણે ઉમેદવારોને પણ નવેસરથી મતદારો સુધી પોતાની ઓળખ ઊભી કરવી પડશે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત રહી ચૂકેલી અનેક બેઠકોને પણ હવે સામાન્ય બેઠકોમાં ફેરવી દેવામાં આવી છે. કેટલીક સીટો જે પહેલાં સામાન્ય વર્ગમાં હતી તે હવે અનામતમાં ફેરવી કાઢવામાં આવી છે. ચૂંટણી પંચના એક ટોચના અધિકારીએ કહ્યું છે કે જુદા જુદા મુદ્દાઓ ઉપર ચૂંટણી લડી શકાય છે પરંતુ સીમાંકન ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે.

ભાજપ અને કોંગ્રેસ બંને દ્વારા નવેસરથી ગણતરી કરી લેવામાં આવી છે. વર્ષ ૨૦૦૭માં યોજાયેલી છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં ૨૫ બેઠકો એવી હતી જ્યાં હાર અને જીત માટેનું અંતર ૩૦૦૦ મતની આસપાસ હતું. જ્યારે ૪૦ બેઠકો એવી હતી જ્યાં હાર જીત વચ્ચે અંતર ૧૦,૦૦૦ મતનું હતું. આ તમામ પાસાંઓને જોતા એમ લાગે છે કે આ વખતે પરિણામમાં ફેરફાર થઈ શકે છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી માટે પણ આ વખતની ચૂંટણી વધુ પડકારરૂપ સાબિત થશે.

## આજે પ્રથમ દિવસે ત્રણ ઉમેદવારીપત્રો ભરાયા

ગાંધીનગર, તા. ૧૭

ભારતનાં ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર પ્રથમ તબક્કા માટેની વિધાનસભાની ૮૭ બેઠકો માટેનું જાહેરનામું આજરોજ તા. ૧૭-૧૧-૨૦૧૨ના રોજ પ્રસિદ્ધ થતાં ચૂંટણી અધિકારીઓ પાસે ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થયેલ છે. આજે પ્રથમ દિવસે નીચે દર્શાવ્યા મુજબ વિધાનસભા મતવિભાગમાં ઉમેદવારો તરફથી ઉમેદવારી પત્રો રજુ થયા છે.

| ક્રમ | વિધાનસભા મતવિભાગનું નામ | ઉમેદવારનું નામ | પક્ષ |
|---|---|---|---|
| ૧. | ૭૭-જામનગર ગ્રામ્ય | રાઠોડ જાદવજીભાઈ જીવાભાઈ | CPI (M) |
| ૨. | ૮૧-ખંભાળીયા | રાજ્યગુરૂ વિજય નરભેશંકર | અપક્ષ |
| ૩. | ૮૭-વિસાવદર | કુંજડીયા વલ્લભભાઈ નરભેશંકર | અખીલ ભારતીય માનવ સેવાદળ |

આમ પ્રથમ દિવસે કુલ ત્રણ (૩) ઉમેદવારો તરફથી ઉમેદવારી પત્રો રજુ થયા છે. આવતીકાલ તા. ૧૮-૧૧-૨૦૧૨ને રવિવારની જાહેર રજા હોવાથી ઉમેદવારીપત્રો રજુ નહી કરી શકાય. ઉમેદવારી પત્રો ભરવાનો છેલ્લો દિવસ તા. ૨૪-૧૧-૨૦૧૨ નક્કી થયેલ છે.

## ગુજરાતમાં સીપીએમ ૧૦ બેઠક પરથી ચૂંટણી લડશે

### સીપીએમના ટોચના નેતાઓ પ્રચાર કરવા સજ્જ : ભાજપ અને કોંગ્રેસની આર્થિક નીતિમાં અંતર નહીં હોવાનો દાવો

અમદાવાદ,તા. ૧૭

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો પોતપોતાની તૈયારી કરી ચૂક્યા છે. નાના પક્ષો પણ આ વખતે ભાજપ અને કોંગ્રેસની ગણતરીને ઊંધી વાળવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સીપીએમએ જાહેરાત કરી છે કે તે ગુજરાતમાં ઓછામાં ઓછી ૧૦ બેઠકો ઉપર ચૂંટણી લડશે. ચૂંટણી ઢંઢેરો આ પક્ષ દ્વારા જારી કરી દેવામાં આવ્યો છે. ભૂતપૂર્વ સાંસદ અને કેન્દ્રીય સીપીએમ નેતા સુકોમલ સેને કહ્યું છે કે ગુજરાતમાં અમારી પાર્ટી ૧૦ બેઠકો ઉપર ચૂંટણી લડશે. છ ઉમેદવારોની યાદી જાહેર કરી દેવામાં આવી છે. બાકીના નામ મોડેથી જાહેર કરવામાં આવશે. સેને કહ્યું હતું કે પક્ષે ફૂડ સિક્યુરિટી સાથે સંબંધિત મુદ્દાઓને હાથ ધરશે. ગરીબ લોકોને પ્રતિ કિલો ૨ રૂપિયાના ભાવે અનાજ ઉપલબ્ધ કરાવશે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારની ટીકા કરતા તેમણે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકાર અને મોદીના નેતૃત્વમાં ગુજરાત સરકારની આર્થિક નીતિઓ વચ્ચે કોઈ અંતર નથી. બંનેની નીતિ લોકવિરોધી છે. બળવાખોર ભાજપના ધારાસભ્ય કનુભાઈ કલસાણીયા સાથે વાતચીતમાં તેમને કહ્યું હતું કે સીપીએમ ૧૦ બેઠકો ઉપર ચૂંટણી લડશે. કલસાણીયા દ્વારા તાજેતરમાં જ રચવામાં આવેલા સ્વાભિમાન મંચ તરફથી સાત ઉમેદવારોને મેદાનમાં ઉતારવા તૈયારી દર્શાવી છે. રાજ્યના સીપીએમના સેક્રેટરી અરુણ મહેતાએ કહ્યું છે કે પાર્ટી વિશાવદર (જૂનાગઢ), રાજકોટ (પૂર્વ), ઉમરગાવ (વલસાડ), જામનગર (રૂરલ), ખેડબ્રહ્મા (સાબરકાંઠા) અને સંતરામપુર-પંચમહાલમાંથી ચૂંટણી લડશે. હાલમાં મોટા રાજકીય પક્ષોમાં નૈતિકતા અને ઈમાનદારી દેખાઈ રહી નથી. સીપીએમના ટોચના નેતા ચૂંટણી પ્રચાર કરનાર છે જેમાં પક્ષના જનરલ સેક્રેટરી પ્રકાશ કારત, સાંસદ શિતારામ યચુરીનો સમાવેશ થાય છે. નિલોતપાલ બસુ, રાજસ્થાનના ધારાસભ્ય અમરા રામજી પણ ચૂંટણી પ્રચાર કરનાર છે.

## ભાજપનો ચૂંટણી ઢંઢેરો વધુ આકર્ષક બનાવવા કવાયત

અમદાવાદ, તા. ૧૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા આવતીકાલ રવિવારથી હાઈટેક ચૂંટણી પ્રચારનો પ્રારંભ થયા બાદ સોમવારથી શરૂ થતા નવા સપ્તાહમાં ભાજપ દ્વારા પ્રજાલક્ષી ચૂંટણી ઢંઢેરો પ્રસિદ્ધ કરવાની તૈયારી શરુ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

રાજકીય પક્ષોના કાર્યાલયોમાં દિવાળીની રજાઓ પૂર્ણ થતા ફરી એક વાર ચૂંટણી લક્ષી રાજકીય ધમધમાટ શરૂ થયો છે. કોંગ્રેસ દ્વારા વડાપ્રધાન મનમોહનસિંઘ, પક્ષપ્રમુખ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી સહિત ૪૪ થી વધુ રાષ્ટ્રીય નેતાઓની ફોજ ગુજરાતના ચૂંટણી પ્રચારમાં ઉતારવામાં આવી રહી છે. તો તેની સામે ભાજપ દ્વારા થ્રી-ડી ટેકનોલોજીના હોલોગ્રાફીક ઈમેજ દ્વારા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની તમામ ૧૮૨ બેઠકો પર એક સાથે હાઈટેક જાહેર સભાઓ યોજી 'કોંગ્રેસની સેના સામે એક માત્ર યોધ્ધા' યુદ્ધ લડશે તેવી મતદારોને પ્રતિતિ કરવાની આક્રમક યોજના ઘડી કાઢી છે. ત્યાં બીજી તરફ કોંગ્રેસ દ્વારા મહિલાઓને ઘરનું ઘર અને વિદ્યાર્થીઓને લેપટોપ આપવા જેવી આકર્ષક યોજનાના વળતા ઘા રૂપે ભાજપ દ્વારા તૈયાર કરવામાં આવેલા પ્રજાલક્ષી ચૂંટણી ઢંઢેરામાં ખાસ કરીને યુવાનો, વિદ્યાર્થીઓ તથા મહિલાઓ માટે અનેક મહત્વની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે. એટલું જ નહીં પરંતુ કમરતોડ મોંઘવારીના મરણતોલ મારથી કણકસતી ગુજરાતની પ્રજાને રાહત આપે તેવી પણ વિવિધ જાહેરાતોનો ભાજપના ચૂંટણી ઢંઢેરામાં સમાવિષ્ટ કરવામાં આવ્યો હોવાની પણ અટકળો વહેતી થઈ છે.

## સ્ટેટીક સર્વેલન્સ ટીમો હવે પોલીસ સ્ટેશનમાં સ્ટેન્ડ બાય રહેશે

### ચૂંટણીલક્ષી નાણાંકીય હેરાફેરીની માહિતી મળેથી ટીમો વાહન તપાસણી કરશે

ગાંધીનગર, તા. ૧૭

ચૂંટણીના સમયે થતી નાણાંકીય હેરાફેરીને નાથવા પંચે હવે સ્ટેટીક સર્વેલન્સ અને ફલાઈંગ સ્કવોડની ટીમોને જે તે પોલીસ સ્ટેશનમાં રહી અને ફરજો બજાવવાની સૂચના જારી કરી છે.

મળતી વિગતો મુજબ જો આવી ચૂંટણીલક્ષી નાણાંકીય હેરાફેરી થવા અંગેની પોલીસ કે ગુપ્તચર તંત્રને ફરિયાદ મળે તેવા સંજોગોમાં તેની નોંધ કર્યા બાદ જે તે વાહનની ચકાસણી આ ટીમ દ્વારા કરવામાં આવશે.

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં આપેલા ચુકાદા બાદ હવે પંચે આ ટીમોની કાર્યપદ્ધતિમાં બદલાવ કરી અને જેને પોલીસ સ્ટેશનમાં આ ટીમોને તેમની ફરજની કામગીરી બજાવવા અંગે જણાવ્યું છે.

ફરિયાદ અંગે પણ આખુ અલાયદુ ફોર્મેટ પંચ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. અને તેમાં મળેલ માહિતી કેવી રીતે ઉપલબ્ધ થઈ તે સહિતની બાબતોનો ઉલ્લેખ કરવાનો રહેશે તેમ જાણવા મળેલ છે.

પંચની આ સૂચનાઓને પગલે જિલ્લામાં આવેલા ૧૧ જેટલા પોલીસ સ્ટેશનોમાં હવે આ ટીમો સ્ટેન્ડ બાય તરીકે હાજર રહી ફરજો બજાવશે.

### કેશુભાઇને ભાજપે બે વખત ચીફ મિનિસ્ટર તરીકે -ોજેક્ટ કર્યા અને બહુમતિ મેળવી

## શંકરસિંહ અને નરેન્દ્ર મોદીના કારણે કેશુભાઇએ બે વાર સિંહાસન ગુમાવ્યું

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં પાર્ટીની ભૂંડી હાર, ભૂકંપની નબળી કામગીરી અને અમદાવાદની માધુપુરા બેન્કનું કોભાંડ એ ત્રણ મુદ્દા દિલ્હીમાં મોદીને મળી ગયા

॥ અગ્યારમો મણકો ॥

ગુજરાતમાં ૧૯૯૫ની વિધાનસભાની ચૂંટણીમાં નવી શક્તિનો સૂર્યોદય થયો. વર્ષો સુધી વિપક્ષની ખુરશી પર બેસીને ભાજપે સત્તાના શમણાં જોયાં હતા... અને ગાંધીનગરની ગાદી મેળવવા પાર્ટી ચીમનભાઈના સમયથી એક્ટિવ હતી.

કોંગ્રેસમાં નેતાઓની કમી અને ભાજપમાં નેતાઓનો રાફડો ફાટ્યો હતો. કેશુભાઈ પટેલ, શંકરસંહિ વાઘેલા, કાશીરામ રાણા, નરેન્દ્ર મોદી, ચીમન શુક્લ સાથે હરેન પંડ્યા જેવા શક્તિશાળી યુવા નેતાઓની ફોજ હતી.૧૯૯૫માં થયેલી વિધાનસભાની ચૂંટણીમાં મુખ્ય મુકાબલો કોંગ્રેસ




અને ભાજપ વચ્ચે હતો. કોંગ્રેસમાં જનતાદળના વિલિનિકરણ પછી જૂથબંધી સપાટી પર આવેલી હતી.

ભાજપમાં શંકરસંહિ વાઘેલા સંસદસભ્ય હતા ત્યારે પાર્ટીના હાઈકમાન્ડે એવી જાહેરાત કરી દીધી હતી કે ગુજરાતમાં સંસદસભ્યોને ટીકીટ આપવામાં નહી આવે. આ વખતે શંકરસંહિના મુખ્યમંત્રી બનવાના ઓરતાં અધુરાં રહ્ઞાં હતા. હાઈકમાન્ડે કેશુભાઈ પટેલ માટે મન બનાવી લીધું હતું અને થયું જ એવું... પક્ષના -મુખ લાલકૃષ્ણ અડવાણીએ ૨૦મી ફેબ્રુઆરી-૧૯૯૫માં એવી જાહેરાત કરી દીધી કેઁ ગુજરાતમાં ભાજપ સત્તા પર આવશે તો કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી બનશેઁ.

૧૯૬૦ થી ૧૯૯૫ દરમ્યાન માંડ ત્રણ અપવાદોને બાદ કરતાં કોંગ્રેસનું રાજયારોહણ રહ્ઞું હતું. ૧૯૯૫માં પરિવર્તનનો પવન ફુંકાયો...સાધ્વી તંભરા અને ઉમા ભારતી સાથે સંઘ પરિવારની તમામ હિન્દુ તાકાતોએ ચૂંટણીમાં જોર લગાવીને ભાજપને ૧૮૨માંથી ૧૨૧ બેઠકો લાવવામાં ભરપૂર મદદ કરી. ગુજરાતની -જા પરિવર્તન ઈચ્છતી હતી. કોંગ્રેસને માત્ર ૪૫ બેઠકો આપી, જો કે અપક્ષોએ કોઠું કાઢ્યું હતું અને ૧૬ બેઠકો લઈ આવ્યા હતા.

### ગુજરાતની ભૂમિના રાજા

- ગૌતમ પુરોહિત



ભાજપના માટે તો આ અકલ્પનિય ઉપલબ્ધિ હતી. ૧૯૫૧માં જનસંઘ, ૧૯૭૫માં જનતા મોરચો, ૧૯૭૭માં જનતા પક્ષ અને ૧૯૮૦માં ભાજપ. રાજકીય ઈચ્છાશક્તિના સ્વરૂપપલટા સાથે જોડાયેલા નેતાઓને આદર્શોના વળગણનો નશો હતો. ભાજપે તેના ચૂંટણી ઢંઢેરામાં બે રૂપિયે કિલો ઘઉં અને ત્રણ રૂપિયે કિલો ચોખા આપવાની જાહેરાત કરી દીધી હતી. એ સાથે એસટીના ભાડામાં ૧૫ ટકા ઘટાડો કરવાની વાત પણ હતી. ઢંઢેરાનું આ વચન પહેલા મહિનાથી જ પાળવામાં આવ્યું હતું પરિણામે કેશુભાઈ લોક-િય બન્યા હતા.

૧૨મીએ છબીલદાસ મહેતાએ રાજીનામું આપ્યું અને આઠમી વિધાનસભાનું વિસર્જન થયું. કાશીરામ રાણા, નરેન્દ્ર મોદી અને સૂર્યકાન્ત આચાર્ય રાજયપાલને વિધિસર યાદી સાથે મળવા ગયા. મંત્રીમંડળનો સોગંધવિધિ જાહેર સમિયાણામાં થયો. આ પહેલાં ગાંધીનગરના ટાઉનહોલમાં કેશુભાઈની નેતાપદે વરણીનો સમારંભ રાખવામાં આવ્યો હતો. કેશુભાઈ ખુશીના માહોલમાં એક ઉદાહરણ આપતાં એવું બોલ્યાં કે ઁમને કોઈએ એવું પૂછ્યું હતું કે તમે ઢંઢેરામાં સસ્તા અનાજની વાત કરી છે તો તેના રૂપિયા ક્યાંથી લાવશો..? મેં ઉત્તર વાળ્યો કે ...તારા બાપના તબેલામાંથી..!!

આ વાક્યથી નારાજ એવાં અટલ બિહારી વાજપેયીએ તેમના ભાષણમાં એવી ટકોર કરી કેઁ -જા આપણને જોઈ રહી છે. આપણાંથી હવે આવા શબ્દો બોલાય નહી.!! ૧૪મી માર્ચના રોજ કેશુભાઈનો સોગંધવિધિ કરવામાં આવ્યો હતો. કેશુભાઈના મંત્રીમંડળમાં ૧૧ કેબિનેટ મંત્રી ૧૧, પાંચ રાજયકક્ષાના મંત્રી, ૧૩ નાયબ મંત્રી અને બે સંસદીય સચિવ હતા. વિરોધપક્ષના નેતા તરીકે અમરસિંહ ચૌધરી નિમાયા હતા.

ભાજપે ગુજરાતમાં ભય ભૂખ અને ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતનો કોલ આપ્યો હતો. રાજયમાં ગોકુળીયા ગામની કલ્પના કેશુભાઈ પટેલે કરી છે. તેઓ છ વખત વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા છે. ઓછું ભણેલા પણ સારા વહીવટકર્તા અને નિવડેલા રાજકારણીઓ પૈકીના તેઓ એક છે.

ગુજરાતમાં મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ હતા પણ આ સરકારનો પડદા પાછળનો વહીવટ નરેન્દ્ર મોદી કરતા હતા. તેઓ શરૂઆતના છ મહિનામાં સુપર ચીફ મિનિસ્ટર કહેવાતા હતા. તેમણે ચૂંટણીથી સત્તા સુધી કેશુભાઈના પડછાયાનું કામ કરી મુખ્યમંત્રીના સ્ટ્રોંગ દાવેદાર શંકરસિંહને કેશુભાઈથી અળગા કરી દીધાં.

એ વખતે જો શંકરસિંહને નાયબ મુખ્યમંત્રીપદ આપવામાં આવ્યું હોત તો ભાજપમાં કોઈ ઝઘડો ન હતો... પણ મોદીના કારણે બે સિનિયર નેતાઓના ચા પીવાના સબંધો પણ કપાઈ ગયા. મોદીએ જ કેશુભાઈના મંત્રીમંડળની પસંદગી કરી હતી. તેમણે જ બોર્ડ અને નિગમમાં ચેરમેનોની નિયુક્તિ થવા દીધી નહીં. પરિણામે ભાજપમાં અસંતોષના બીજ રોપાયા હતા. છ મહિનાના શાસનમાં કેશુભાઈએ ગુજરાતની -જામાં લોક-િય સરકારની છાપ ઉભી કરા વિકાસના કામોમાં ઝડપ વધારી હતી પરંતુ પાર્ટીમાં ઉભા થયેલા અસંતોષનો લાભ શંકરસંહિ વાઘેલાએ લીધો. ઓગષ્ટ મહિનામાં જ પાર્ટી વિરોધી -વૃત્તિના કારણે નેતાઓ સસ્પેન્ડ થવા લાગ્યા.

બળવાખોરોની આગેવાની લેનારા શંકરસંહિ વાઘેલાને પણ ભાજપે સસ્પેન્ડ કરી દીધાં. દરમ્યાન, ૯મી સપ્ટેમ્બર-૧૯૯૫માં કેશુભાઈ પટેલ ગોકુળ ગ્રામ યોજના માટે વિદેશના -વાસે ગયા હતા ત્યારે પક્ષના ધારાસભ્યોને લઈને શંકરસંહિ ખજૂરાહો ઉપડી ગયા. તેઓને -દેશ -મુખ કાશીરામ રાણાનો ટેકો હતો.

એ વખતે એક્ટીંગ સીએમના રોલમાં અશોક ભટ્ટ હતા. ગુજરાત ભાજપના ધારાસભ્યોને લઈને પ્લેન મધ્ય-દેશ ઉપડી ગયું તેની તેમને જાણ ન હતી. -દેશમાં આખો જૂવાળ શંકરસિંહ તરફી હતો છતાં ગુજરાતના બળવાને ભાજપની કેન્દ્રીય નેતાગીરીએ ગંભીરતાથી લીધી નહીં. શંકરસિંહની બે શરતો હતી. એક તો કેશુભાઈ મુખ્યમંત્રીપદે ન જોઈએ અને નરેન્દ્ર મોદીને ગુજરાત છોડાવો. કેશુભાઈ મુખ્યમંત્રીપદ છોડવા તૈયાર ન હતા અને હાઈકમાન્ડ શંકરસંહિને મચક આપતું ન હતું.

શંકરસિંહને મનાવવા માટે ગયેલા ભાજપના સિનિયર નેતાઓને પણ શંકરસિંહે તેમના તરફી કરી લીધા હતા. ભાજપને ગંભીરતાની જાણ થતાં કેન્દ્રીય નેતાઓને ગુજરાતમાં મોકલવાનું શરૂ કર્યું હતું. -મોદ મહાજન, અડવાણી અને વાજપેયી પણ આવ્યા. -મોદ મહાજનની નાયબ મુખ્યમંત્રીની ફોર્મ્યુલા હાઈકમાન્ડને ગળે ઉતરી ન હતી. નરેન્દ્ર મોદીએ પણ તેનો વિરોધ કર્યો હતો.

વિધાનસભામાં અવિશ્વાસનો -સ્તાવ જયારે આવ્યો અને ભાજપની ધડકનો તેજ બની ચૂકી હતી. શંકરસિંહને ૪૬ ધારાસભ્યોનું સમર્થન હતું. ભાજપના રાષ્ટ્રીય નેતાઓએ શંકરસિંહની બે માગણીઓ અંગે સમાધાન કરી લેતાં કેશુભાઈને ૨૦મી ઓક્ટોબર-૧૯૯૫ના રોજ રાજીનામું આપવું પડ્યું હતું અને તેમની જગ્યાએ મુખ્યમંત્રીની પસંદગીનો કળશ સુરેશ મહેતાના માથે ઢોળાયો હતો. આ વખતે થયેલા સમાધાનના ભાગરૂપે નરેન્દ્ર મોદીને ગુજરાતમાંથી બહાર ખસેડી લેવામાં આવ્યા હતા.

દરમ્યાન, શંકરસિંહ વાઘેલાએ સુરેશ મહેતાની સરકારમાં બળવો કરી કોંગ્રેસના ટેકાથી મુખ્યમંત્રીની ખુરશીમાં બેસી ગયા હતા, પણ તેમની સામે ભ્રષ્ટાચારના આક્ષેપો થતાં કોંગ્રેસે ટેકો પાછો ખેંચી લેતાં શંકરસિંહે દિલીપ પરીખને મુખ્યમંત્રીપદે બેસાડ્યા હતા

ગુજરાતમાં રાજપાના નેતા શંકરસિંહ વાઘેલા તેમજ દિલીપ પરીખના શાસન પછી ખુદ શંકરસંહિ વાઘેલાએ તેમની સરકારનું વિસર્જન કરી દેતાં ૧૯૯૮માં વિધાનસભાની ચૂંટણી આવી હતી. (ક્રમશઃ)